દિવ્ય ભાસ્કર
DivyaBhaskar.com

13 April, 2020

# કોરોના વાઇરસ / શ્રીમદ્ રાજચંદ્ર મિશને કોરોનાની મહામારી સામે લંબાવ્યો મદદનો હાથ, જરૂરિયાતમંદોને પહોંચાડે છે પૌષ્ટિક આહાર



શ્રીમદ્ રાજચંદ્ર મિશને કોરોના વાઇરસને પગલે ફૂડ પેકેટ્સનું વિતરણ કર્યું

- **ડોક્ટર, નર્સને ફૂડ પેકેટ્સ સહિત સેનેટાઇઝર્સ અને માસ્ક પણ આપે છે**
- **રસ્તે રખડતા પ્રાણીઓને ઘાસ, રોટલીનું નીરણ આપે છે**
- **સરકારને જરૂર પડે તો વેન્ટિલેટર્સ, હોસ્પિટલ બેડ સહિત આવશ્યક વસ્તુઓની મદદ કરવાની ખાતરી**

દિવ્ય ભાસ્કર | Apr 13, 2020, 06:47 PM IST

**અમદાવાદ.** ધરમપુરમાં આવેલી શ્રીમદ્ રામચંદ્ર મિશને કોરોનાની મહામારી સામે રાહતકાર્ય શરૂ કર્યાં છે. આ કાર્યમાં 500થી વધુ સ્વયંસેવકો જોડાયેલા છે. આ મિશન ડોક્ટર, નર્સ, પોલીસ તથા અન્ય કર્મચારીઓ કે જે આ મહામારીના સમયે પોતાની ચિંતા કર્યા વગર લોકો માટે કામ કરી રહ્યાં છે તેમને પૌષ્ટિક આહારના પેકેટ્સ, માસ્ક, સેનેટાઇઝર્સ વગેરે પહોંચાડે છે. આ ઉપરાંત તેઓ ટેમ્પરેચર ગન, બાયોસ્યૂટનું પણ વિતરણ કરે છે.

**પ્રાણીઓને નીરણ પણ આપે છે**

આ ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારો અને દૈનિક કામદારોને એક મહિનાનું રાશન  તથા સાબુના કીટ્સનું વિતરણ કરે છે. આ સિવાય ખીચડી, છાશ, શાકભાજી, ફૂડ પેકેટ્સ, બિસ્કિટ પેકેટ્સ, સિંગચણા જેવી ખાદ્ય સામગ્રી પણ હજારો જરૂરિયાતમંદ લોકોને પહોંચાડવામાં આવે છે. આ માટે તેમણે એક હેલ્પલાઇન નંબર પણ શરૂ કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, મુંબઇમાં વાન દ્વારા રસ્તે રખડતા પ્રાણીઓને ઘાસ, બિસ્કિટ અને રોટલી પણ આપે છે. આ વાનમાં એક ડોક્ટર પણ હોય છે કે જે પ્રાણીઓને સારવારની જરૂર હોય તેમને સારવાર આપે છે. રામચંદ્ર મિશને સરકારને જરૂર પડે તો હોસ્પિટલના બેડ, વેન્ટિલેટર્સ અને આવશ્યક સાધનો પૂરાં પાડવાની ખાતરી આપી છે.




પોલીસને પણ શરબત તથા ચાનું વિતરણ કરવામાં આવ્યું




રસ્તે રખડતા પશુઓની સારવાર પણ કરી




રસ્તે રખડતા પશુઓને ઘાસચારો પણ આપ્યો હતો

